Print

ક્રમાંક : એલ.આર. ૨૨૭/૨૦૦૨.
સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક
ગુજરાત રાજ્યની કચેરી ગ્રંથાલય ભવન,
ટાઉનહોલની બાજુમાં ત્રીજો માળ,
સેકટર-૧૭, ગાંધીનગર.
તા. ૩૧-૧૨-૨૦૦૨

**વિષય :- માપણી ફી ના નિયત દરો રીવાઇઝડ કરવા બાબત..**

**<u>હુકમ :-</u>**

સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાધીનગરના ક્રમાંક : એલ.આર. ૨૨૭ તા. ૪-૫-૨૦૦૦થી માપણી ફીના દરો તા. ૧-૬-૨૦૦૦ અમલમાં આવે તે રીતે રીવાઇઝડ કરવામાં આવેલ હતા. ખાતામાં મહેકમનો ખર્ચ દિન પ્રતિદિન વધતો જાય છે. તેના પ્રમાણમાં આવક નહિવત છે. મા. મુખ્ય મંત્રીશ્રી તથા મુખ્ય સચિવશ્રીની બેઠકમાં બીનકરપાત્ર આવકના સાધનોમાં વધારો થાય તેમ સુચન થયેલ હતું. આ અનુસાર કેડેસ્ટ્રલ માપણીના પ્રકરણોમાં કામગીરીના પ્રમાણને અનુલક્ષીને તથા કામગીરીના નિયત ધોરણોને લઇને નીચે મુજબના દરોથી માપણી ફીની ગણતરી કરીને રકમ વસુલ કરવાની રહેશે.

| અ.નં. | માપણી ફીના દરની વિગત | | રૂપિયા |
|---|---|---|---|
| ૧. | (અ) | એક સર્વે નંબર ૧(એક) હેકટર સુધી | ૬૦૦ |
| | (બ) | ત્યારપછીના તે જ અરજદારાનો તે જ ગામનો વધુ એક સર્વેનંબર એક હેકટર સુધી | ૩૦૦ |
| ૨. | (અ) | જો ક્ષેત્રફળ એક સર્વેનંબરમાં એક (૧) હેકટર કરતાં વધુ હોય તો પ્રથમ એક હેકટરના | ૬૦૦ |
| | (બ) | ત્યારબાદ પ્રત્યેક એક હેકટર દીઠ | ૩૦૦ |
| ૩. | (અ) | હિસ્સા માપણીના દરેક સર્વેનંબર દીઠ ચાર હિસ્સા અથવા બે હેકટર સુધી | ૯૦૦ |
| | (બ) | જો સર્વેનંબરમાં ચાર કરતાં વધુ હિસ્સા હોય તો પ્રત્યેક હિસ્સા અગર એક (૧) હેકટરના ગુણાંકમાં | ૩૦૦ |
| | (ક) | જો એક સર્વેનંબર કરતાં વધુ સર્વેનંબરની હિસ્સા માપણી કરવા માટે એક જ અરજદારની અરજી હોય તો પછીના પ્રત્યેક હિસ્સા દીઠ | ૩૦૦ |
| ૪. | (અ) | બીનખેતી માટે એક સર્વેનંબરના ચાર (૪) પ્લોટ સુધી | ૧૨૦૦ |
| | (બ) | પછીના પ્રત્યેક પ્લોટ દીઠ | ૩૦૦ |
| ૫. | (અ) | સેકન્ડ વિઝીટ ફી (રેવન્યુ/ખેતીના સર્વેનંબર) | ૬૦૦ |
| | (બ) | સેકન્ડ વિઝીટ ફી બીનખેતીના સર્વેનંબર માટે | ૧૦૦૦ |

| | | |
|---|---|---|
| ૬. | (અ) તાકીદની માપણી માટે માપણી બે કક્ષાની રહેશે.<br>અરજી સાથે માપણી ફી ભરવાની<br>(૧) દિન-૧૫માં માપણી કામગીરી પૂર્ણ કરી માપણી શીટની નકલ આપવી એક હેકટર દીઠ | ૧૮૦૦ |
| | વધારાના પ્રત્યેક સર્વેનંબર કે હેકટર દીઠ | ૬૦૦ |
| | (૨) ૧૬મા દિવસથી ૪૫ દિવસ સુધી માપણી કામગીરી પૂર્ણ કરી માપણી શીટની નકલ આપવી. | ૧૨૦૦ |
| | (અ) વધારાના પ્રત્યેક સર્વેનંબર કે હેકટર દીઠ | ૪૦૦ |
| | (બ) બીનખેતીના કિસ્સામાં તાકીદની માપણી માટે<br>એક પ્લોટ દીઠ રૂા. ૩૦૦ના ત્રણ ગણા દીન-૧૫ની માપણી માટે ગણવા (માપણી શીટની નકલ સાથે) | ૯૦૦ |
| | (ક) દિન-૧૬ થી ૪૫ દિવસ સુધીના એક પ્લોટની તાકીદની માપણીના ગણવાના રહેશે. | ૬૦૦ |
| ૭. | (અ) સ્કેચ ફી (હિસ્સા માપણી) જો અરજદારે માપણી ફી ભરી હોય તો તેવા કિસ્સામાં | ૨૦૦ |
| | (બ) અરજદાર સિવાયના બાકીના હિસ્સાઓ માટે | ૪૦૦ |
| ૮. | સરનિમતાણાં ફી (સુપિરિયર ટેસ્ટ ફી)<br>(અ) ડીસ્ટ્રીકટ ઇન્સ્પેકટર લેન્ડ રેકર્ડઝશ્રીના સરનિમતાણાં ફી | કેસે ભરેલ માપણી ફીની બે ગણી રકમ |
| | (બ) સુપ્રિન્ટેન્ડેન્ટ જમીન રેકર્ડઝશ્રીના સરનિમતાણા ફી | કેસે ભરેલ માપણી ફીની બે ગણી રકમ |

(૯) ઉપર મુજબ માપણી ફીના તમામ દરો સિટી સરવે વિસ્તારમાં આવતા રેવન્યુ સરવે નંબરોની માપણી માટે પણ લાગુ પડશે.

(૧૦) કોઇપણ સરવેનંબરની માપણી સરકારી ખર્ચે કરવા કલેકટરશ્રીનો હુકમ હોય તો તે સરકારી જમીનની જાહેર હેતુ સિવાયના માપણીના કિસ્સામાં સેટલમેન્ટ કમિશનરશ્રીની પૂર્વ મંજૂરી મેળવી જમીન માપણી કરવાની રહેશે.

(૧૧) તાકીદની માપણી ચોમાસાની સિઝન સહીત વર્ષભર ગમે તે સમયે યોગ્ય માપણી ફી ભરી કરાવી શકાશે. સદર માપણી માટે ડી.આઇ.એલ.આર.શ્રીએ તાલુકા દીઠ રજીસ્ટર નિભાવી તેમની કક્ષાએથી જરૂરી હુકમ કરવાના રહેશે. અગાઉની સુચનાઓ જિલ્લા અધિક્ષકશ્રી જમીન દફતરની સુચના પ્રમાણે કરવાની હતી તે રદ કરવામાં આવે છે.

(૧૨) સુધારેલ માપણી ફીના દરો તા. ૧-૨-૨૦૦૩થી અમલમાં આવશે અને બીજો હુકમ ના થાય ત્યાં સુધી ઉપરોકત દર અમલમાં રહેશે.

(સહી)/-
(એ. એસ. સુતરીયા)
સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

Print